*<u>ખાનગી</u>*

***લાંચ રૂશ્વત વિરોધી ખાતા દ્વારા અનામી/ ખોટા નામે થયેલ અરજીઓની તપાસ કરવા સંબંધી પદ્ધતિ.***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : લરવ/૧૦૮૨/૨૫૬૬/હ,

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુન, ૧૯૮૩.

***વંચાણમાં લીધા :-***

*(૧) ગૃહ વિભાગ અંગ્રેજી સરકારી પરિપત્ર ક્રમાંકઃ એસીબી-૨૮૬૪-૨/એચ તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૬૭.*

*(૨) ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક : ગતપ-૩૦૮૨/૧૨૫/હ, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૨.*

**પરિપત્ર**

જાહેર સેવકો સામે લાંચ રૂશ્વત, ભ્રષ્ટાચાર, અપ્રમાણિક્તા, સત્તાનો દુરુપયોગ, ગેરરીતિ કે ગેરવર્તાવને લગતા આક્ષેપો સંબંધી અનામી/ખોટા નામે થયેલ અરજીઓ સંબંધમાં રાજ્યના લાંચ રુશ્વત વિરોધી ખાતા દ્વારા તપાસ હાથ ધરવા માટે કઈ રીતની પધ્ધતિ અપનાવવી તે બાબત ગૃહ વિભાગના ઉપર નિર્દિષ્ટ તા. ૭મી ફેબ્રુઆરી, ૧૯૬૭ના પરિપત્રથી સરકારની સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

૨. સરકારશ્રીના ધ્યાન પર આવેલ છે કે રાજ્યના વર્ગ-૧ના સીનીયર રાજ્યપત્રિત અધિકારીઓ સામે લાંચ રુશ્વત, ભ્રષ્ટાચાર કે ગેરરીતિઓને સ્પર્શતી અનામી/ખોટા નામવાળી ફરીયાદો ઘણી મોટી સંખ્યામાં મળે છે. આ પ્રકારની મોટા ભાગની ફરિયાદોમાં તો કંઈ તથ્ય પણ હોતું નથી. તેમ છતાં તેવા કિસ્સામાં તપાસ કરાવવાથી સંબંધિત ઉચ્ચ અમલદારોની પ્રતિષ્ઠા, તેમનો મોભો કે છાપ હલકી પડે તેવું બની શકે અને તેથી તેઓ સરકારી કામકાજમાં હતોત્સાહ પણ થાય. આ બાબતે સરકારને વિચારણા કરતાં એમ લાગે છેકે આવી અરજીઓ ઉપર તપાસની કાર્યવાહી શરુ કરતાં પહેલાં તે અંગેનો નિર્ણય ખૂબજ કાળજીપૂર્વક લેવાવો જોઈએ કે જેથી કરીને ઉચ્ચ અમલદારને ખોટી રીતે કોઈ તપાસમાં સંડોવાવું ન પડે. આ પ્રકારની ફરિયાદો અંગે તપાસ હાથ ધરતાં પહેલાં કે તેની તપાસ લાંચ રુશ્વત વિરોધી ખાતાને સોંપતા પહેલાં સરકારના આદેશો અચૂક મેળવવા તેવી સૂચનાઓ ગૃહ વિભાગના ઉપર નિર્દિષ્ટ તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૬૭ના પરિપત્ર ક્રમાંક : એસીબી-૨૯૬૪-૨/એચ, મુજબ અમલમાં છે જ. તે સૂચનાઓ પરત્વે સચિવાલયના સર્વે વિભાગો/ખાતાના વડાઓનું ફરીથી ધ્યાન દોરીને જણાવવામાં આવે છે કે અનામી/ખોટા નામવાળી માહિતી કે ફરિયાદ સંબંધમાં તપાસ હાથ ધરવાનું કે તે અંગેની તપાસ લાંચ રુશ્વત વિરોધી ખાતાને સોંપવાનું જરુરી જણાય તો, તેમ કરતાં પહેલાં સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગ/ખાતાના વડાઓએ સરકારના આદેશો અચૂક મેળવવા. લાંચ રુશ્વત વિરોધી ખાતાએ પણ આવી અરજીઓ પર સીધેસીધી તપાસ શરુ કરવી નહીં. પરંતુ તે માટે સચિવાલયના સંબંધિત વહીવટી વિભાગ દ્વારા સરકારના આદેશો મેળવીને જ તપાસની કાર્યવાહી શરુ કરવી.

૩. વળી પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર રાજ્યપત્રિત અધિકારીઓ વિરુધ્ધ ભ્રષ્ટાચાર કે લાંચ રુશ્વતને સ્પર્શતી ફરિયાદોની પ્રાથમિક તપાસ ખાતા મારફત કે લાંચ રુશ્વત વિરોધી ખાતા મારફત કરાવી તે અંગે તકેદારી આયોગનો અભિપ્રાય મેળવવામાં આવે છે. આ બાબતે ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : ગતપ/૧૦૮૨/૧૨૫/હ, તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૨ અન્વયે સૂચનાઓ બહાર પાડેલ છે કે આવા કિસ્સામાં જે અધિકારી સામે તપાસ હોય તે નિસ્બતકર્તા અધિકારીએ તેમની સામેની તપાસ વિષે શુ કહેવું છે તે અંગેનો ખુલાસો પ્રાથમિક તપાસ દરમ્યાન મેળવીને ત્યારબાદ સંબંધિત ખાતાના વડા કે વહીવટી વિભાગના મંતવ્ય સહિત તપાસના કાગળો ગુજરાત તકેદારી આયોગને મોકલવા તેમજ જે કિસ્સામાં તકેદારી આયોગે ખાતાકીય કાર્યવાહી કરવા ભલામણ કરી હોય તેવા કિસ્સામાં જો કસૂરદાર અધિકારીને તહોમતનામું બજાવવામાં આવ્યું ન હોય અને પ્રાથમિક તપાસમાં કસૂરદારનો ખુલાસો મેળવવામાં આવ્યો ન હોય તો કસૂરદારને તહોમતનામું આપતાં પહેલાં તેમનો ખુલાસો મેળવવો અને તે ખુલાસાના આધારે જો તકેદારી આયોગની ભલામણો ઉપર પુનઃવિચારણા કરવી જરુરી જણાય તો તપાસના બધા કાગળો અને કસૂરદારનો ખુલાસો આયોગ તરફ મોકલીને તેની ભલામણ ઉપર પુનઃવિચારણા કરવા વિનંતી કરવી તેમજ તે અંગે આયોગે કરેલ નવેસરની ભલામણો અનુસાર જે કાર્યવાહી કરવાની થતી હોય તે નિયમાનુસાર પૂર્ણ કરવી.

૪. સચિવાલયના સર્વ વિભાગો તથા ખાતાનાં વડાઓને ઉપરોક્ત સૂચનાઓનો ચૂસ્તપણે અમલ કરવા આથી વિનંતી કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

**પ્ર. ગ. ગુપ્તે**
સરકારના નાયબ સચિવ